# લાભાર્થીની વિગત

**મંડળીનું નામ** : **ધાનપુર (મહિલા)**

**કોડ નંબર** : **૧૭૦૨**

**તાલુકો** : **ધાનપુર, જિ. દાહોદ.**

**લાભાર્થીનું નામ** : **ગણાવા નરવતભાઈ ગોપસિંહભાઈ**

**પશુ ખરીદી તારીખ** : **૫–૧૨–૦૮**

**પશુની ખરીદકિંમત** : **રૂા. ૨૧,૫૦૦/–**

**પશુનો કડી નંબર** : **૧૦૧૫૨૫**

- પાક : મકાઈ અને ઘાસચારો
- વ્યવસાય : ખેતી અને સ્થાનિક મજુરી
- લાભ મળ્યા પહેલાંની સ્થિતિ : મજુરી તથા ઘરના ઉત્પાદનથી નબળી પરિસ્થિતિમાં જીવન ગુજારવા જવું પડતું હતુ.

**પશુ મળ્યા બાદનું જીવન :**

- પશુનુ દૈનિક દૂધ ઉત્પાદન : ૫ લીટર
- પશુનુ માસીક દૂધ ઉત્પાદન : ૧૫૦ લીટર
- દૂધની માસિક આવક : રૂા. ૭,૦૦૦/–
- પશુના દૂધ ઉત્પાદનની આવકથી ઘરનું તંત્ર સારી રીતે ચાલે છે તથા બાળકોને ભણાવવા માટે પણ સારી રીતે ભણાવી શકીએ છીએ તથા સામાજીક ખચ  તથા વ્યવહાર ખુબ સારી રીતે ચાલે છે. જેથી વનબંધુ કલ્યાણ યોજના અમારા માટે કલ્યાણરૂપ છે અને મકાઈનું બિયારણ મળવાથી, આખા કુટુંબનું ભરણપોષણ ખુબ સારી રીતે થાય છે. આવકમા ખુબ વધારો થવાથી જીવન ધીરે ધીરે સુધરતું જાય છે અને ખેતીની જમીન તથા પશુપાલનથી આવક વધી છે. સ્થાનિક મજુરી માટે જવું પડતું નથી.

❖ જમીન : ૧ એકર
❖ ઘરના સભ્યો : ૪
❖ પિયતની સગવડ : ૧ એકર જમીનમાં પિયત થાય છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની ધાનપુર (મહિલા) દૂધમંડળીના લાભાર્થી શ્રી નરવતભાઈ ગોપસિંહભાઈ ગણાવાએ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ ભેંસ ખરીદીનો લાભ આપવામાં આવેલ છે. અગાઉ તેઓને ત્યાં એક પણ પશુ ન હતુ, તેથી ખેતીકામ અને ખેતમજુરી પર નિર્ભર રહેવુ પડતું હતુ. તેઓએ સદર યોજનાનો લાભ લઈ, ભેંસના દૂધના વેચાણથી આવકમાં વધારો કરેલ છે. ભેંસ સાથે જે પાડી આવેલ હતી, તે હાલમાં ગાભણ થયેલ છે અને ભેંસ બીજી વાર વિયાયેલ છે. તેથી આવક પણ ચાલુ રહેવા પામેલ છે.



સદર યોજનાઓના લાભથી પ્રભાવિત થઈ પશુપાલન અને વેજ્ઞાનિક ખેતી પ્રત્યે આકર્ષિત થયેલ છે. ઘરના બાળકોને શિક્ષણ સારી રીતે આપી શકે છે અને સામાજીક વ્યવહારો પણ સારી રીતે ચાલે છે અને ખેતમજુરીએ જવુ પડતું નથી. આમ તેઓના મત મુજબ વનબંધુ કલ્યાણ યોજના કલ્યાણરૂપ સાબિત થયેલ છે.